તા. ૨૫-૦૯-૨૦૨૫
દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ

# નવરાત્રી : 26મીથી 2 ઓક્ટોબર સુધી મેટ્રો રાત્રે 2 સુધી દોડશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ખેલૈયાઓએ મોડી રાત સુધી ગરબે ઘુમતા હોવાથી 26 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર સુધી મેટ્રો રાત્રે 2 વાગ્યા સુધી દોડશે. સામાન્ય દિવસોમાં મેટ્રો રાત્રે 10 વાગ્યા સુધી જ દોડે છે. રાત્રે 10 વાગ્યા બાદ મેટ્રોમાં મુસાફરી માટે ખેલૈયાઓએ રૂ.50ની મેન્યુઅલ ટિકિટ લેવી પડશે. વસ્ત્રાલથી થલતેજના રૂટ પર તેમજ કોટેશ્વરથી એપીએમસી રૂટ પર બંને દિશામાં રાતે 10 વાગ્યા બાદ દર 30 મિનિટે મેટ્રોનું સંચાલન કરાશે. મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 ગાંધીનગર રૂટ પર બંને દિશામાં રાતે 10 વાગ્યા બાદ દર 1 કલાકે મેટ્રોનું સંચાલન કરાશે. જ્યારે થલતેજ, વસ્ત્રાલ, કોટેશ્વર તેમજ એપીએમસી સ્ટેશનથી છેલ્લી ટ્રેન રાતે 2 વાગે ઉપડશે.